Volume : 2 | Issue : 2 | Feb 2013 • ISSN No 2277 - 8160

Research Paper | LIterature

Have Hu Manas Bani Jaish

હવે હું માણસ બની જઈશ

Chitroda Haresh Virji Bhai Research Scholar, CMJ University, Meghalaya

Sandip Ghatiya Research Guide, CMJ University, Meghalaya

જયારે આપણે આખા સમુદાયને (સમાજને) આપણું કુંટુંબ ગણતા થઈ જઈએ અથવા બીજાના દુ:ખને આપણું દુ:ખ સમજતાં થઈ જઈએ ત્યારે સમજવું કે હવે આપણે માણસ બની ગયા છીએ.

ખરેખર આ વિચાર કરવો અને એનું પાલન કરવું ખુબજ અઘરૂ છે. કારણકે આ માટે આપણે આપણા સુખને પણ જતું કરવું પડેછે. આપણે સમગ્ર ભારતને કુંટુંબ ન ગણીએ તો કાંઈ નહિ પરંતુ કમ સે કમ આપણા ગામને કે આપણા વિસ્તારને તો આપણું કુંટુંબ ગણવું જ જોઈએ.આપણા વિસ્તારના કોઈ પણ વ્યકિતને જયારે કોઈ દુ:ખદર્દ આવે ત્યારે આપણે એ વ્યકિતના પરિવારના સભ્યની જેમ આપણે એની બનતી મદદ કરવી જોઈએ.

મોટે ભાગે આપણે આપણાં કુંટુંબ માટે બનતું કરી છુટતાં હોઈએ છીએ એવી જ રીતે આપણે આપણાં વિસ્તારનાં દરેક વ્યકિત માટે કે પછી આખા સમાજ માટે વફાદાર રહેવું જોઈએ. કયારેક આપણે આપણાં દુશ્મને પણ મદદની ભાવનાથી આપણે એને મદદ કરવી કે કેમેય એનું હદય પરિવર્તન થાય એને એ શકય છેકે આપણાં દોસ્ત પણ બની જાય.એ પોતાની દુશ્મનાવટ ભુલી જઈ મિત્રનો હાથ ફેલાવશે.

આવો ખ્યાલ દરેક વ્યકિતમાં વતે ઓછે અંશે હોવો જોઈએ જો સમગ્ર ભારત દેશના લોકોમાંથી ૩૦% લોકોમાં આવો ખ્યાલ આવી જાય તો ભારત દેશ '' શ્રેષ્ઠ નાગરિકનો દેશ બની જાય.અને આવી ભાવનાનો વિકાસ દરેક વ્યકિતમાં હોવી જ જોઈએ અરે આવી ભાવનાતો માનવી ના '' લોહીમાં વણાયેલી હોવી જોઈએ. જો આવી ભાવના ન હોય તો માનવી બનવામાં એનામાં કંઈક ખૂટે છે.

માણસ બનવા માટે જો કોઈ ધર્મ અપનાવવો હોયતો ''માનવ ધર્મ અપનાવવો. જેમા કોઈ પણ પ્રકારના નાતજાતનાં ભેદભાવ પણ ન હોય.આવી ભાવના દરેક વ્યકિતએ અપનઢાવવી જોઈએ.દરેક વ્યકિતના માનમાં એક જ વિચાર આવવો જોઈએ કે '— Mankind is God ^^